NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

# Nirma University
# Library Resource Centre

Publication: **NavGujarat Samay** Edition: **Ahmedabad**
Date & Day: **12/02/2022 (Sat)** Page No: **04**

---

"નિરમા યુનિવર્સિટી એ ભારતનું હાર્વર્ડ છે" : એડવોકેટ વિવેક નારાયણ શર્મા

# નિરમા યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ઑફ લૉ ખાતે ઈન્ટરનેશનલ ટીચિંગ મન્થનું ઉદઘાટન

**નવગુજરાત સમય** > અમદાવાદ

ઈન્સ્ટિટ્યૂટ ઑફ લૉ, નિરમા યુનિવર્સિટીએ 8 ફેબ્રુઆરી, 2022ના રોજ તેની ફ્લેગશિપ ઈવેન્ટ - ઈન્ટરનેશનલ ટીચિંગ મન્થના ઉદઘાટન સમારોહનું આયોજન કર્યું હતું. સુપ્રીમ કોર્ટના માન્યતા પ્રાપ્ત મધ્યસ્થી એડવોકેટ ઓન રેકોર્ડ વિવેક નારાયણ શર્માની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમની શોભા વધી હતી. નિરમા યુનિવર્સિટીના વા. પ્રેસિડેન્ટ કે.કે. પટેલ અને ડિરેક્ટર જનરલ ડૉ. અનુપ કે. સિંઘ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

**આ ઇવેન્ટ આંતરરાષ્ટ્રીયકરણ માટે સંસ્થાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ: ડો. માધુરી પરીખ**

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ વિવેક નારાયણ શર્માએ સંસ્થાને વૈશ્વિક નાગરિકો બનાવવા અને વિદ્યાર્થીઓને વૈશ્વિક સંપર્કમાં આવવાની તકો ઊભી કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે "નિરમા યુનિવર્સિટી એ ભારતનું હાર્વર્ડ છે." તેમણે જણાવ્યું કે આપણા જીવનમાં આત્મનિરીક્ષણ કેટલું મહત્ત્વનું છે અને એક સારા નાગરિક બનવું દરેક માટે જરૂરી છે. આપણે શા માટે સારા નાગરિક બનવું જોઈએ અને આપણી નૈતિક ફરજો શું છે તે વિશે તેમણે દરેકને માહિતી આપી. તેમણે વધુમાં શિક્ષણના હેતુ પર ભાર મૂક્યો હતો અને હવે કેવી રીતે વૈશ્વિક નિષ્ણાતો ઓનબોર્ડ છે, વિદ્યાર્થીઓ માટે નિષ્ણાતો પાસેથી તેઓ જેટલું શીખી શકે તેટલું જ્ઞાન મેળવે તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

ઈવેન્ટના ગેસ્ટ ઓફ ઓનર ડૉ. અનુપ કે સિંઘે નવી શિક્ષણ નીતિને અનુરૂપ વૈશ્વિક સહયોગ, વૈશ્વિક એક્સપોઝર અને ક્રોસ-ડિસિપ્લિનરી સ્ટડીઝની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ઉપપ્રમુખ કે. કે. પટેલે અધ્યક્ષીય ભાષણ આપ્યું હતું. ડૉ. માધુરી પરીખ, ડિરેક્ટર અને ડીન - ઈન્સ્ટિટ્યૂટ ઓફ લૉ, નિરમા યુનિવર્સિટીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ ઈવેન્ટ આંતરરાષ્ટ્રીયકરણ માટે સંસ્થાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે, જે એક વ્યૂહરચના છે જે કાયદાના અભ્યાસક્રમમાં આંતરરાષ્ટ્રીય અને આંતરસાંસ્કૃતિક દ્રષ્ટિને એકીકૃત કરે છે. આ ઈન્ટરનેશનલ ટીચિંગ મન્થ 2022માં સંસ્થા વિશ્વભરના 40થી વધુ પ્રતિષ્ઠિત વક્તાઓનું આયોજન કરી રહી છે. સ્પીકર્સ વિશ્વના વિવિધ ભાગો જેવા કે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, પેરુ, હંગેરી, જર્મની, ઈટાલી, ચેક રિપબ્લિક, સ્લોવાકિયા, સ્વીડન,




સ્પેન, લંડન, ઑસ્ટ્રેલિયા, ક્રોએશિયા, રશિયા, બાંગ્લાદેશ, બેલ્જિયમ, કેનેડા અને દક્ષિણ આફ્રિકાના છે. ખ્યાતનામ યુનિવર્સિટીઓના પ્રોફેસરો આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

પ્રો. શ્રેયા શ્રીવાસ્તવ, હેડ-ઈન્ટરનેશનલ ઓફિસ, ઈન્સ્ટિટ્યૂટ ઑફ લૉએ તમામનો આભાર માન્યો હતો. સુ.શ્રી. નંદિની ગોયલ, પ્રેસિડેન્ટ, નિલસા આ કાર્યક્રમમાં એન્કર હતા.